**ક્રમાંક**: ED/MIS/e-file/3/2023/2870/G
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
તારીખ: ***e-Sign*** મુજબ

---

**પ્રતિ,**

નિયામકશ્રી,
નિયામક શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર

**વિષય:** શૈક્ષણિક કાર્ય ખોરંભાય નહી તે માટે વૈકલ્પિક વ્યવસ્થા ના ભાગરુપે
નિવૃત શિક્ષકોને માનદવેતન થી કામગીરી સોંપવા બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય પરત્વે ની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ની સિંગલ ફાઇલ ક્રમાંક ૧૭ તા. ૧૪-૭-૨૦૨૫ ની નકલ આ સાથે સામેલ છે. ઉકત સિંગલ ફાઈલે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની બાબતને માન.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ) એ મંજૂરી આપેલ છે. ઉકત મંજૂરી અન્વયેસરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને નીચે મુજબની શરતો / પ્રક્રિયાને આધિન કામગીરી સોંપવાની રહેશે.

(૧) રાજ્યની સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડતી જગ્યાઓની ઘટ તાત્કાલિક નિવારવા દર વર્ષે ૩૧ જુલાઈની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ મહેકમ મુજબ શાળામાં ખાલી પડેલ જગ્યાઓ પર વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના સમાનાકી ઠરાવથી સુધારેલ કાર્ય પદ્ધતિ અનુસરીને જ્ઞાન સહાયકને કામગીરી સોંપેલ હોય ત્યાર પછી પણ જગ્યાઓ ખાલી રહે તો આવી ખાલી રહેતી જગ્યાઓ પર કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત થયેલ સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના નિવૃત શિક્ષકોને શૈક્ષણિક કામગીરી સોંપી શકાશે.

(૨) નિવૃત્તી બાદ લેવામાં આવતા શિક્ષકોની મહત્તમ વય મર્યાદા ૬૨ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૩) શાળામાં બદલીથી કે ભરતીથી કાયમી શિક્ષકની નિમણૂક ન થાય કે જ્ઞાન સહાયકની નિમણૂક ન થાય ત્યાં સુધી આવા નિવૃત્ત શિક્ષકોએ કામગીરી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષના અંતે આવા નિવૃત્ત શિક્ષકોને છુટા કરવાના રહેશે.

(૪) આ કામગીરી માટે નિવૃત્ત માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકને જ્ઞાન સહાયકને ચુકવવામાં આવતાં માનદ વેતન જેટલુંજ માનદ વેતન ચુકવવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ વધારાના નાણાકીય કે સેવાકીય લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) જે નિવૃત્ત સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો નિવૃત્તિ બાદ કામગીરી કરવા માંગતા હોય તેઓએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને અરજી કરવાની રહેશે અને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના સમાનાકી ઠરાવથી દાખલ કરેલ વેઈટીંગ લિસ્ટ મુજબ પણ જ્ઞાનસહાયક ઉપલબ્ધ થાય નહી તોજ નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની રહેશે.

(૬) નિવૃત શિક્ષક ને જ્ઞાન સહાયક ઠરાવની શરતોને આધિન કરાર આધારીત નિમણૂંક આપવાની રહેશે.

બિડાણઃ- ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ,

*e-Sign*

(સતિશ જે. પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી (પ્રા. મા. અને પ્રો. શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા. મા. અને પ્રો. શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સ્પે. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિધાસમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (પ્રાથમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.